GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં
ડીજી સેટ ખરીદો અને મેળવો
2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૪૧ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ આઠમ, સોમવાર ૨૨ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# શાંતિ મંત્રણા વચ્ચે ઈરાનને મોટા હૂમલાની ટ્રમ્પની ચીમકી

**ટ્રમ્પે** ઇરાનને કહી દીધુ, લેબેનોનમાં તમારા પ્યાદાઓને કાબૂમાં નહીં રાખો તો ફરીથી મોટા હુમલા થશે

**ઉપપ્રમુખ** વાન્સે કહ્યું કે લેબેનોનમાં શાંતિ માટે પ્રગતિ થઇ છે, છતાં આ થોડી અસ્પષ્ટ સ્થિતિ છે



**વૉશિંગ્ટન, તા. 21 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ઈરાનને તેના લેબનોન સ્થિત સહયોગીઓને તાત્કાલિક કાબૂમાં લેવાની ચેતવણી આપી હતી, અને તણાવ ઓછો કરવાના હેતુથી અમેરિકન અને ઈરાની પ્રતિનિધિમંડળ વચ્ચે ચાલી રહેલી ચતુર્પક્ષીય વાટાઘાટો છતાં તેહરાન સામે નવી સૈન્ય કાર્યવાહીની ધમકી આપી હતી.

ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે સ્વિટ્ઝર્લેન્ડમાં વાટાઘાટોના નવીનતમ રાઉન્ડ શરૂ થયાની મિનિટો પછી જ પોતાની અત્યાર સુધીની સૌથી કડક ચેતવણીઓમાંથી એક જાહેર કરી હતી. ટ્રમ્પે લખ્યું, ઈરાને લેબનોનમાં તેના ભારે ચૂકવણી મેળવતા પ્યાદાઓને મુશ્કેલીઓ ઊભી કરતા તાત્કાલિક રોકવા જ પડશે. જો તેઓ તેમ નહીં કરે, તો અમે ઈરાન પર ફરીથી ખૂબ જ જોરદાર પ્રહાર કરીશું, બરાબર એ જ રીતે જેવો અમે ગયા અઠવાડિયે કર્યો હતો, પણ આ વખતે તેનાથી પણ વધુ જોરદાર!!!

### ટ્રમ્પની ધમકીથી ઇરાની પ્રતિનિધિ મંડળ નારાજ, સાથે ફોટો પણ ન પડાવ્યો

સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણા ફરી એકવાર પાટા પરથી ઉતરી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓના વિરોધમાં ઈરાની પ્રતિનિધિમંડળે રવિવારે વાટાઘાટો છોડી દીધી હતી. વિશ્વસનીય સૂત્રોને ટાંકીને તસ્નીમ ન્યૂઝ એજન્સીએ દાવો કર્યો છે કે ટ્રમ્પના કઠોર નિવેદનો અને લશ્કરી કાર્યવાહીની ધમકીઓ પછી, ઈરાની પક્ષે તેમને વાટાઘાટોના વાતાવરણની વિરુદ્ધ માન્યા અને વિરોધમાં મીટિંગ હોલ છોડી દીધો. ટ્રમ્પની તાજેતરની ટીકા ઈરાની પ્રતિનિધિમંડળને પસંદ પડી ન હતી, જેણે અમેરિકન અધિકારીઓ સાથે આયોજિત ફોટો પડાવવામાં ભાગ લેવાનો ઇનકાર કર્યો હતો.

### અમેરિકાની ધમકીઓ અમને અસર કરતી નથી : ઈરાની સ્પીકર

ઈરાની સંસદસભ્ય મોહમ્મદ બાઘર ગાલિબાફે અમેરિકાની ધમકીઓને ફગાવી દેતા કહ્યું કે તેનો તેહરાન પર કોઈ પ્રભાવ પડ્યો નથી. ગાલિબાફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું કે જો અમેરિકાની ધમકીઓ અસરકારક હોત, તો વોશિંગ્ટન આજે જે સ્થિતિમાં છે તે ન પહોંચ્યું હોત. તેમણે કહ્યું કે અમેરિકન નેતાઓએ તેમના નિવેદનોથી સાવધાની રાખવી જોઈએ. ઈરાની સ્પીકરે કહ્યું કે જો જરૂર પડે તો તેમના સશસ્ત્ર દળો અલગ રીતે જવાબ આપવા માટે તૈયાર છે. તેમણે કહ્યં હતું કે લેબનોનમાં પરિસ્થિતિનો ઉકેલ ન આવે ત્યાં સુધી અન્ય મુદ્દાઓ પર કોઈ વાતચીત થશે નહીં. જો લેબનોનમાં યુદ્ધ સમાપ્ત નહીં થાય, તો અન્ય વિષયો પર વાતચીત આગળ વધશે નહીં.

આ ચેતવણી રાજદ્વારી પ્રક્રિયા માટે એક નાજુક સમયે આવી છે. અમેરિકા અને ઈરાનના અધિકારીઓ હાલમાં આ મહિનાની શરૂઆતમાં હસ્તાક્ષર કરાયેલા એક મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ(MoU) હેઠળ સ્વિટ્ઝર્લેન્ડમાં બેઠક કરી રહ્યા છે, જેમાં પ્રાદેશિક સુરક્ષા, હોર્મુઝની સામુદ્રધૂનિ, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને બહુવિધ મોરચે યુદ્ધવિરામ પર વ્યાપક વાટાઘાટો માટેનું માળખું તૈયાર કરવામાં આવ્યું હતું. આ કરારમાં તણાવ ઘટાડવા અને વધુ કાયમી સમાધાન તરફ આગળ વધવાના ઉદ્દેશ્ય સાથે વાટાઘાટો માટે ૯૦ દિવસના સમયગાળાની કલ્પના કરવામાં આવી હતી.

ઈરાન, પાકિસ્તાન, કતાર અને અમેરિકા વચ્ચેની વાતચીત બાદ મીડિયા સાથે વાત કરતા ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રે લેબનોનમાં યુદ્ધવિરામ જાળવી રાખવાના પ્રયાસોમાં પ્રગતિ કરી છે, જોકે તેમણે સ્વીકાર્યું કે પરિસ્થિતિ હજુ પણ નાજુક છે. લેબનોનમાં યુદ્ધવિરામ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવામાં અમે છેલ્લા કેટલાક દિવસોમાં મોટી પ્રગતિ જોઈ છે એમ કહેતા વેન્સે ઉમેર્યું કે આ પ્રકારના યુદ્ધવિરામ હંમેશા થોડા અસ્પષ્ટ અથવા અસ્તવ્યસ્ત હોય છે. વેન્સે જણાવ્યું હતું કે ટ્રમ્પ વ્યાપક પ્રાદેશિક યુદ્ધવિરામ સુરક્ષિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને લેબનોન યુદ્ધવિરામને આ સમાધાન તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે જુએ છે. અમેરિકી ઉપપ્રમુખ આ વાટાઘાટોને

...અનુસંધાન પાના 2 પર

## ઇરાન-અમેરિકા શાંતિ મંત્રણાના પહેલા રાઉન્ડમાં ઘણી પ્રગતિ થઇ છે : વાન્સ

**કરાર** પર હસ્તાક્ષર પછીની ટેકનીકલ શાંતિ મંત્રણાનો પહેલો રાઉન્ડ યોજાયો

**લેબેનોનમાં** શાંતિ અંગે પણ મોટી પ્રગતિ થઇ હોવાનું અમેરિકી ઉપપ્રમુખે જણાવ્યું

**82 મિનિટની** વાતચીતમાં અમારી ફ્રિઝ સંપતિ પરત કરવાનો મુદ્દો ચર્ચાયો : ઇરાન




**ઝુરીચ, તા. 21:** વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે ગયા અઠવાડિયે થયેલા સમજૂતી કરાર (MoU)ને એક વ્યાપક કરારમાં બદલવા માટે સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાની અધિકારીઓ સાથે ચાલી રહેલી નવી વાતચીતની પહેલા રાઉન્ડની બેઠક બાદ અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું

...અનુસંધાન પાના 2 પર

### વાન્સ બોલ્યા : ભારત-પાકિસ્તાનમાં બે જણ મારા ખાસ, એક મારી પત્ની અને બીજા અસીમ મુનીર

સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા-ઈરાન વાટાઘાટો દરમિયાન, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સનું એક નિવેદન ચર્ચાનો વિષય બન્યું હતું. વાન્સે રવિવારે તેમના જીવનના બે સૌથી મહત્વપૂર્ણ લોકો તરીકે એક ભારતીય અને એક પાકિસ્તાનીનું નામ આપ્યું. હતું. અમેરિકા-ઈરાન વાટાઘાટો દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે આ ટિપ્પણી કરી. જેડી વાન્સે મજાકમાં કહ્યું, કે 'હું ઘણીવાર કહું છું કે મારા જીવનમાં બે ખૂબ જ મહત્વપૂર્ણ લોકો છે. એક ભારતીય છે અને બીજો પાકિસ્તાની છે. ભારતીય મારી પત્ની ઉષા વાન્સ છે અને પાકિસ્તાની ફિલ્ડ માર્શલ અસીમ મુનીર છે.'

# 20 લાખથી વધુએ NEET (UG) ફેર કસોટી આપી

**કડક** સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાયેલી પરીક્ષા દરમિયાન ક્યાંક બુરખા, ધાર્મિક દોરાથી વિવાદ

**દેશભરમાં** ૫૪૪૦ અને વિદેશોમાં ૧૪ કેન્દ્રો પર તબીબી પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન

**નવી દિલ્હી, તા. 21 (PTI):** પેપર લીકના કારણે અગાઉની પરીક્ષા રદ થયા બાદ, રવિવારે ૨૦ લાખથી વધુ તબીબી ઉમેદવારોએ નીટ પરીક્ષા ફરીથી આપી હતી. આ મુદ્દો સરકાર માટે અત્યંત વિવાદાસ્પદ બન્યો હતો અને તેના કારણે વ્યાપક વિરોધ પ્રદર્શનો પણ થયા હતા. આજે પરીક્ષા દરમિયાન કેટલાક ઠેકાણે બુરખાને કારણે કેટલીક યુવતીને પ્રવેશ નકારાયા પછી તેમને પ્રવેશ અપાયો હતો તો કેટલાક ઠેકાણે હાથમાં બાંધેલા ધાર્મિક દોરા

...અનુસંધાન પાના 2 પર

### પરીક્ષાર્થીઓને અડચણ ન થાય તે માટે મોદી એરપોર્ટ પર રોકાઇ રહ્યા

**નવી દિલ્હી.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોલકાતાથી દિલ્હીના IGI એરપોર્ટ પર આગમન કર્યા પછી તેમના નિવાસસ્થાને જવાની મુસાફરીમાં વિલંબ કર્યો હતો, જેથી અહીં NEETની પુનઃપરીક્ષા આપી રહેલા કોઈપણ ઉમેદવારને ટ્રાફિકના નિયંત્રણોને કારણે કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે તેની ખાસ કાળજી રાખી શકાય. સૂત્રોએ જણાવ્યું હતું કે બપોરે ૧:૧૫ વાગ્યાની આસપાસ IGI એરપોર્ટ પર પહોંચ્યા પછી, વડાપ્રધાને લોક કલ્યાણ માર્ગ પર આવેલા તેમના નિવાસસ્થાન માટે તરત જ નીકળવાને બદલે એરપોર્ટ પર જ રાહ જોવાનું પસંદ

...અનુસંધાન પાના 2 પર



### NEET-UGની ફેર કસોટીમાં ફિઝિક્સના પ્રશ્નો કઠણ રહ્યા

**બાયોલોજી** સરળ અને કેમિસ્ટ્રી મધ્યમ રહ્યા

**ફિઝિક્સમાં** એક વૈકલ્પિક પ્રશ્નના તમામ વિકલ્પો ખોટા હતા

**કોટા, તા. 21 (PTI):** રવિવારે NEET-UGની ફરીથી આયોજિત પરીક્ષામાં બેસેલા ઉમેદવારોએ જણાવ્યું હતું કે આ વખતનું પેપર અગાઉની પરીક્ષા કરતાં સરખામણીએ અઘરું હતું, જેમાં ફિઝિક્સ (ભૌતિક વિજ્ઞાન)નો વિભાગ સૌથી વધુ પડકારજનક રહ્યો હતો. જ્યારે બાયોલોજી(જીવવિજ્ઞાન) સામાન્ય

...અનુસંધાન પાના 2 પર

### વારાણસીમાં નીટ પરીક્ષાર્થી પાસેથી સિમ કાર્ડ, જૂનું પ્રશ્નપત્ર મળતા ધરપકડ

**વારાણસી (UP).** મેડિકલ પ્રવેશ પરીક્ષાના એક ઉમેદવારની રવિવારે અહીં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેના અંત:વસ્ત્રોમાંથી કથિત રીતે એક સિમ કાર્ડ, મેડિકલ પ્રવેશ પરીક્ષાનું જૂનું પ્રશ્નપત્ર અને ચોંટાડવા માટેની સામગ્રી મળી આવી હતી. એમ પોલીસે જણાવ્યું હતું. આ ઘટના પરીક્ષા શરૂ થતાં પહેલાં મૈદાગીન વિસ્તારમાં આવેલા એક નિયુક્ત પરીક્ષા કેન્દ્ર હરીશચંદ્ર પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજમાં બની હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પરીક્ષા પૂર્વેની તપાસ દરમિયાન સુરક્ષા કર્મચારીઓને શંકા ગઈ હતી અને ઉમેદવારની સઘન તપાસ કરવામાં આવી

...અનુસંધાન પાના 2 પર

# કોલકાતાથી શાંઘાઈ-ટોરોન્ટો સુધી વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી









**આ વર્ષે** યોગ દિવસની થીમ 'સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ'ની હતી

**વિવિધ** દેશોમાં ભારતીય દૂતાવાસો દ્વારા યોગના કાર્યક્રમોનું આયોજન, હજારોએ ભાગ લીધો

**બીજિંગ/વોશિંગ્ટન, તા. 21 (PTI):** ટોક્યોના ઐતિહાસિક મંદિરોથી લઈને મિલાનના પ્રતિષ્ઠિત 'આર્કો ડેલા પેસ' સુધી, સમગ્ર વિશ્વમાં યોગ પ્રેમીઓ રવિવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા માટે એકઠા થયા હતા. આજે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, સમગ્ર દેશ અને વિશ્વ યોગની ભાવનામાં ડૂબી ગયું હતું. ભારત અને વૈશ્વિક સ્તરે લગભગ 2,500 વિવિધ સ્થળોએ મોટા પાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સહિત ઘણા દેશોમાં આ પ્રસંગને ઉજવવા માટે મોટા પાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ પર આયોજિત મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હજારો લોકો સાથે સામૂહિક યોગ સત્રનું નેતૃત્વ કર્યું.

કોલકાતામાં મુખ્ય કાર્યક્રમ ઉપરાંત, શહેરના વિવિધ ભાગોમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કર્યા. ઘણા રાષ્ટ્રીય નેતાઓ અને સેલિબ્રિટીઓએ પણ યોગ દિવસના કાર્યક્રમોમાં ભાગ લીધો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ ફેલાવ્યો. દરમિયાન, કેનેડાના ટોરોન્ટોમાં, ભારતીય કોન્સ્યુલેટે ઓન્ટારિયો વિધાનસભાની સામે એક કાર્યક્રમનું આયોજન કર્યું, જેમાં સરકારી પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ, યોગ પ્રશિક્ષકો અને ભારતીય સમુદાયના સભ્યોએ હાજરી આપી. ચીનના શાંઘાઈમાં બુંદ ફાઈનાન્સ સેન્ટર (BFC) ખાતે ભારતીય

...અનુસંધાન પાના 2 પર

### વિવિધ દેશોમાં ઉજવણીની ઝાંખી

**રશિયા (મોસ્કો):** મોસ્કો સ્થિત ભારતીય દૂતાવાસના જવાહરલાલ નેહરુ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા મોસ્કો સિટી ગવર્મેન્ટના સહયોગથી લોમોનોસોવ મોસ્કો સ્ટેટ યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત યુનિવર્સિટિત્સ્કાયા સ્ક્વેર ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**ચીન (શાંઘાઈ):** શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા બુંદ ફાઇનાન્સ સેન્ટર ખાતે આયોજિત ઉજવણીમાં રાજદ્વારીઓ, શિક્ષણવિદો, યોગ પ્રેમીઓ અને ભારતીય પ્રવાસીઓ સહિત આશરે ૪૦૦ લોકોએ ભાગ લીધો હતો.

**જાપાન (ટોક્યો):** ટોક્યોના ઐતિહાસિક ત્સુકીજી હોંગાન-જી મંદિરમાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત ઉજવણીમાં ૨,૧૦૦થી વધુ યોગ પ્રેમીઓ જોડાયા હતા.

**ઓસ્ટ્રેલિયા (કેનબેરા):** કેનબેરાના

...અનુસંધાન પાના 2 પર

## શિવસેના (UBT)ના બે સાંસદો શિંદેની શિવસેનામાં જોડાયા

**નાગેશ** પાટીલ અને ઓમરાજ નિંબાળકરે છેવટે પક્ષ છોડવાની જાહેરાત કરી દીધી

**નાગેશ** પાટીલે પોતાની સામેની ટિપ્પણીઓનું તો નિંબાળકરે ભંડોળની અછતનું કારણ આપ્યું

**મુંબઇ, તા. ૨૧:** શિવસેના (UBT)ના બળવાખોર એવા હિંગોલીના સાંસદ નાગેશ પાટીલ આષ્ટિકર અને ધારાશિવના સાંસદ ઓમરાજે નિંબાળકરે રવિવારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાવાની પુષ્ટિ કરી છે.

નાગેશ પાટીલ આષ્ટિકરે જણાવ્યું હતું કે, ૧૮ જૂન પછી તેમની અને અન્ય અસંતુષ્ટ સાંસદો વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓને કારણે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષમાં રહેવાનો તેમનો નિર્ણય બદલાયો હતો. બીજી તરફ, નિંબાળકરે જણાવ્યું કે તેમણે ધારાશિવ મતવિસ્તારમાં તેમના સમર્થકો સાથે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે ફંડના અભાવે તેઓ

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૧-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૯° સે. | ૨૮.૭° સે. | ૬૨% |

## હોર્મુઝ સંપૂર્ણ ખુલે તે પહેલા ભારતે રશિયા, UAEથી ઓઈલ ખરીદીને વેગ આપ્યો

**ખનિજ** તેલનો પુરવઠો સંપૂર્ણ સામાન્ય થાય તે પહેલા જ ભારતીય રિફાઇનરોએ પોતાનો પુરવઠો સુનિશ્ચિત કરવાના પ્રયાસો ઝડપી બનાવ્યા

**નવી દિલ્હી, 21 (PTI):** હોર્મુઝ સમુદ્રધુની ફરી ખૂલ્યા બાદ ગલ્ફ દેશોના ઉત્પાદકો પાસેથી તેલનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય થાય તે પહેલાં, ભારતીય રિફાઈનર્સે પોતાનો પુરવઠો સુરક્ષિત કરવાના પ્રયાસો તેજ કર્યા છે. આના કારણે જૂન મહિનામાં રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાતમાં મોટો ઉછાળો આવ્યો છે, જ્યારે સંયુક્ત આરબ અમીરાત (UAE) તરફથી થતી આયાત પણ રેકોર્ડ સ્તરની નજીક પહોંચી ગઈ છે, તેમ વિશ્લેષકોએ જણાવ્યું હતું.

મેરીટાઈમ અને કોમોડિટી ઈન્ટેલિજન્સ ફર્મ 'કેપ્લર'ના ડેટા અનુસાર, ભારતે જૂન મહિનામાં (૧૯ જૂન સુધી) રશિયા પાસેથી સરેરાશ ૨૬.૬ લાખ બેરલ પ્રતિ દિવસ(bpd) ક્રૂડ ઓઈલની આયાત કરી છે, જે મે મહિનામાં ૧૯.૧ લાખ બેરલ પ્રતિ દિવસ હતી. આ ઉછાળા સાથે રશિયા ભારતના સૌથી મોટા તેલ સપ્લાયર તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત કરી ચૂક્યું છે.

જૂનમાં(૧૯ જૂન સુધી) સંયુક્ત આરબ અમીરાત(UAE) તરફથી આયાત ૬,૩૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસ રહી હતી, જે મે મહિનામાં થયેલી ૬,૪૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસની રેકોર્ડ આયાતથી સહેજ જ ઓછી છે. બીજી તરફ, સાઉદી અરેબિયા ૩,૮૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસ સાથે ત્રીજા સ્થાને અને વેનેઝુએલા ૨,૦૯,૦૦૦ બેરલ પ્રતિ દિવસના પુરવઠા સાથે ભારતનું ચોથું સૌથી મોટું ક્રૂડ સપ્લાયર બનીને ઉભર્યું છે. કેપ્લરના ડેટા મુજબ, અમેરિકા તરફથી થતી આયાતમાં

...અનુસંધાન પાના 2 પર